આહિર સોલ્ટ અને એલાઈડ પ્રોડકટસ પ્રા. લિમીટેડ

વહિવટીય સારાંશ

આહિર સોલ્ટ અને એલાઈડ પ્રોડકટસ પ્રા. લિમીટેડનો ઈ.આઈ.એ અભ્યાસ આઈસોલેટેડ લિક્વીડ સ્ટોરેજ ટર્મિનલ સ્થાપિત કરવા માટે સર્વે નં. ૫૭૩ ખાતે ગામ મીઠીરોહાર, તાલુકો ગાંધીધામ જીલ્લો કચ્છ, ગુજરાત રાજય

નવેમ્બર– ૨૦૧૨

Kadam
Environmental Consultants
www.kadamenviro.com
Environment *for* Development

આહિર સોલ્ટ અને એલાઈડ પ્રોડકટસ પ્રા. લિમીટેડ

વહિવટીય સારાંશ

પરિચય

કંપનીની માહિતી :

આહિર સોલ્ટ અને એલાઈડ પ્રોડકટસ પ્રા.લિ. એ નિલકંઠ ગ્રુપ ઓફ કંપનીનો એક ભાગ છે. નિલકંઠ ગ્રુપ એ અલગ અલગ વ્યવસાય જેવા કે મીઠાના, શીપીંગ, બાંધકામ, લોજીસ્ટીંગ અને આંતરરાષ્ટ્રીય સ્તરે રસાયણ અને ખાદ્ય પદાર્થોનું ખરીદ વેચાણ કરે છે. આ ગ્રુપનું નિર્માણ ૧૯૬૨ માં તેના માલિકો શ્રી અર્જન એસ. કાંગડ, શ્રી તેજા એસ.કાંગડ અને શ્રી સામજી એસ. કાંગડ ધ્વારા કરાયુ. આ ગ્રુપમાં નીચેના ઉદ્યોગોનો સમાવેશ થાય છે.

- નિલકંઠ સોલ્ટ સપ્લાય કું.
- નિલકંઠ ઈન્ટરપ્રાઈઝ.
- પટેલકન્સ્ટ્રકશન કું.
- જય જોગણી સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ
- શ્રી રામ ઈન્ટરપ્રાઈઝ.
- આહિર સોલ્ટ અને એલાઈડ પ્રોડકટસ પ્રા.લિ.
- SRK કેમિકલ લિમીટેડ
- નિલકંઠ ઈન્ફ્રાસ્ટ્રકચર લિમીટેડ
- રાજ કોર્પોરેશન
- નિલકંઠ હેન્ડલીંગ એજન્સી

આહિર સોલ્ટ એ ઈન્ડિયન સોલ્ટ મેન્યુફેકચરીંગ અસોસિએશન(ISMA) ના સભ્ય છે.

આહિર સોલ્ટ અને એલાઈડ પ્રોડકટસ પ્રા.લિ.(ASAP) એ ૧૯૯૦ માં સ્થપાયી. આ યોજના કંડલા પોર્ટમાં આવેલી છે અને તેનું મુખ્ય મથક ગુજરાત રાજયના કચ્છ જીલ્લાના ગાંધીધામમાં આવેલ છે.

યોજનાની પૂર્વભુમિકા:

આહિર સોલ્ટ અને એલાઈડ પ્રોડકટસ પ્રા.લિ. નો કંડલા પોર્ટ વિસ્તારમાં ૧૩૫૭.૫૬ એકર જમીનમાં મીઠાના અગર આવેલા છે. ૧૩૫૭.૫૬ એકરના મીઠાના અગરમાંથી ૪૦ એકર જેટલી જમીન ગુજરાત સરકારે આહિર સોલ્ટ અને એલાઈડ પ્રોડકટસને લિકવીડ અને ડ્રાય સ્ટોરેજ ટર્મિનલ માટે ફાળવેલ છે. કુલ ૮૫ ટાંકીઓ સ્થાપિત કરાશે અને વધારેમાં વધારે ૨,૪૨,૧૮૨ કિલો લિટરનો જથ્થો રખાશે. સૂચિત સ્ટોરેજ ટર્મિનલએ કંડલા પોર્ટ જેટ્ટીથી આશરે ૧.૨ કિ.મી.ના અંતરે આવેલ છે.

સૂચિત લિકવીડ સ્ટોરેજ ટર્મિનલ એ ઓઈલ જેટ્ટીમાંથી લિકવીડ કેમીકલ કે જે કંડલા પોર્ટ ટ્રસ્ટની પાઈપલાઈનમાંથી ટેપીંગ કરીને લેશે અને આ કેમીકલને રોડ ટેન્કર ધ્વારા અંતીમ વપરાશકર્તાઓ સુધી પહોંચાડશે.

આહિર સોલ્ટ અને એલાઈડ પ્રોડકટસ પ્રા. લિમીટેડ

વહિવટીય સારાંશ

૧. ત્રીજી પાર્ટીના મટીરીયલને સ્વીકારી, સંગ્રહ કરી પહોચાડવી. (બંને રીતે ટર્મિનલથી જેટ્ટી કે જેટ્ટીથી ટર્મિનલ) સંક્રમણ (ટ્રાન્સિટ) સંગ્રહ સુવિધા તરીકે અને/અથવા

૨. ટ્રેડીંગ પ્રવૃતિ તરીકે મટીરીયલનું ખરીદ, સંગ્રહ અને વેચાણ.

રેગ્યુલેટરી ફ્રેમવર્ક:

આહિર સોલ્ટ અને એલાઈડ પ્રોડકટસ એ મીઠીરોહાર ગામે સ્ટોરેજની યોજના સ્થાપીત કરવા માટે SEIAA પાસેથી EC ની પ્રક્રિયા શરૂ કરી. તેથી આ યોજના ઈઆઈએ નોટિફીકેશન પ્રમાણે 'કેટેગરી B' શિડયુલ 6(b) માં આવતી હોવાથી SEIAA, ગાંધીનગર પાસેથી પર્યાવરણીય મંજુરી (EC) મેળવવું જરૂરી છે.

પ્રોજેકટની વિગતઃ

આ સ્થળ કચ્છ જીલ્લામાં આવેલ જુના કંડલા પોર્ટ પાસે મીઠીરોહર ગામમાં આવેલ છે.

યોજનાનું સ્થળ:

આ સ્થળથી કંડલા પોર્ટ કોલોની (વસાહત) હવાઈ અંતરે થી લગભગ ૧.૩૩ કિ.મી. દક્ષિણ–અગ્નિ દિશામાં આવેલુ છે. ભાડા પેટાની કુલ ૧૩૫૭.૫૬ એકર જમીનનો વિસ્તાર ASAP મીઠાના અગર તરીકે વાપરે છે. તેમાંથી ૪૦ એકર (૧૬૧૮૮૧ મીર) લિકવીડ સ્ટોરેજ સુવિધામાં રૂપાંતરીત કરવામાં આવશે અને બાકીનો વિસ્તાર મીઠાના અગર તરીકે જ ઉપયોગમાં લેવામાં આવશે.

ટર્મિનલ સ્ટોરેજ(સંગ્રહ) ક્ષમતા:

અ.નં.	ઉત્પાદનનુંનામ	સૂચિત કેમીકલનું નામ	સ્ટોરેજ ટેન્કની ક્ષમતા (કિ.લી.)	કુલ ટેન્કની સંખ્યા	વધારામાં વધારે ક્ષમતા (કિ.લી.)
૧	કલાસ "A" પ્રવાહીનું સ્ટોરેજ	એસીટોન, બેનઝીન, EDC, ઈથાઈલ આલ્કોહોલ, હેકઝેન, IPA, બ્યુટેનોલ, મિથેનોલ, સોલ્વન્ટ નેપ્થા, ટોલ્યુઈન અને બીજા કલાસ એ માં આવતા કેમીકલ.	૮૬૬–૪૦૬૯	૩૬	૮૬,૭૭૯
2.	કલાસ "B" પ્રવાહીનું સ્ટોરેજ	N- બ્યુટેનોલ, સાયલોહેકઝેનોન, નોનેન, કેરોસીન, પેરા–કઝાઈલીન અને બીજા કલાસ બી માં આવતા કેમીકલ	૮૬૬–૪૦૬૯	૩૮	૧,૨૦,૪૬૮
3.	કલાસ "C" પ્રવાહીનું સ્ટોરેજ	સાઈકલોહેન્ઝેનાલ, LDO, FO અને બીજા કલાસ સી માં આવતા કેમીકલ જેવા કે એડીબલ (ખાદ્ય) તેલ.	૧૩૫૭–૩૪૧૯	૧૧	૩૪,૯૩૫
	કુલ ક્ષમતા			**૮૫**	**૨,૪૨,૧૮૨**

વહિવટીય સારાંશ

વિજળીની જરૂરીયાત:

બાંધકામ દરમિયાન વિજળીની કુલ જરૂરીયાત ૩૦ kW ની રહેશે અને ઓપરેશન ફેસ દરમિયાન ૩૪૭ kW ની રહેશે. વિજળી પશ્ચિમ ગુજરાત વિજ નિગમ લિમીટેડ પાસેથી લેવામાં આવશે. સ્ટેન્ડબાય વિજળીના સ્ત્રોત તરીકે ૧૫૦ kVA નો એક ડી.જી.સેટ રાખવામાં આવશે.

પાણીની જરૂરીયાત અને દુષિતપાણીની ઉત્પત્તિ:

સૂચિત ટર્મિનલ માટે ટોચમાં પાણીની જરૂરીયાત ૩૯.૧ કિ.લી./દિન અને દૂષિતપાણીની ઉત્પત્તિ ૫.૯ કિ.લી./દિન શિયાળાની ઋતુ દરમિયાન જ રહેશે. જે ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમીટેડ(GWIC) પાસેથી પુરી પાડવામાં આવશે. વર્ષના બાકીના ભાગમાં પાણીની જરૂરીયાત ૧૪.૮ કિ.લી./દિન અને દુષિતપાણી ની ઉત્પત્તિ ૪.૮ કિ.લી./દિન ની રહેશે. પાણીની જરૂરીયાત અને દુષિતપાણની ઉત્પત્તિ અને ડિસ્પોઝલમોડનું બ્રેકઅપ આ પ્રમાણેનું છે.

અ.નં.	વિગત	જથ્થો કિ.લી./દિનમાં				ડિસ્પોઝલ મોડ
		પાણીની જરૂરીયાત		દૂષિતપાણીની ઉત્પત્તિ		
		ટોચ	સરેરાશ	ટોચ	સરેરાશ	
૧	ડોમેસ્ટિક	૨.૫	૨.૫	૨.૧	૨.૧	સોકપીટમાં
2	બોઈલર	૨૫.૬	–	૧.૩	–	ઓઈલ અને વોટર સેપરેટરમાંથી પસાર કરીને જમીન પર સિંચાઈ માટે વાપરવામાં આવશે.
3	વોશીંગ/સ્પ્રેઈંગ (ફલોર અને ટેન્ક કલીનીંગ)	૨.૫	૨.૫	૨.૫	૨.૫	
4	ગાર્ડનીંગ (બાગાયત)	૮.૫	૯.૮	–	–	ટોચના પાણીની જરૂરીયાત દરમિયાન (૮.૫ કિ.લી./દિન ફ્રેશ પાણી અને ૫.૯ કિ.લી./દિન ટ્રીટેડ પાણી) સરેરાશ પાણીની જરૂરીયાત દરમિયાન (૯.૮ કે.એલ.ડી. ફ્રેશ પાણી અને ૪.૬ કે.એલ.ડી. ટ્રીટેડ પાણી)
	કુલ	**૩૯.૧**	**૧૪.૮**	**૫.૯**	**૪.૬**	ઓઈલ કાઢીયા પછી પાણીને જમીન પર સિંચાઈ માટે ઉપયોગમાં લેવામાં આવશે.

હવાનો સ્ત્રાવ :

ફલુ ગેસ સ્ટેકની વિગતો નીચે મુજબની છે

અ.નં.	સ્ત્રોતથી જોડાયેલ સ્ટેક	બળતણના પ્રકાર	બળતણનો વપરાશ	સ્ટેકની ઉંચાઈ(મી.)	સ્ટેની ટોચની ત્રિજયા(મી.)	સ્ટેકની ઉંચાઈ GPCB નોર્મસ મુજબ	રીમાર્કસ
૧	ઓઈલ થી ચાલતુ બોઈલર (આડી સ્મોક ટયુબ) ૩ ટન/કલાક	FO/ LDO	૮ કિ.ગ્રા./કલાક	૧૫	૦.૪	૧	સ્ટેકની જરૂરીયાત મુજબની ઉંચાઈ
૨	ડી.જી.સેટ (150 kVA)	HSD	૩૫ લિટર/કલાક	૯	૦.૨	૯	સ્ટેકની જરૂરીયાત મુજબની ઉંચાઈ

વહિવટીય સારાંશ

ઘન અને જોખમી કચરાનો નિકાલ :

અ.નં.	જોખમી કચરો	કેટેગરી	ઉત્પત્તિનો જથ્થો	ડિસ્પોઝલની પધ્ધતિ
૧	વપરાયેલ ઓઈલ	૫.૧	૨૦ લીટર/માસ	ભેગુ કરી, સંગ્રહ કરી, પરિવહન કરીને માન્યતા પ્રાપ્ત રીફાઈનર ધ્વારા નિકાલ કરવા.
૨	ઓઈલ વેસ્ટ	૩.૩	૭૫ લીટર/માસ	ભેગુ કરી, સંગ્રહ કરી, પરિવહન કરીને CHWIF માં સળગાવવા માટે
૩	ઈટીપી સ્લજ	૩૪.૩	૧.૫ કિ.ગ્રા./માસ	ભેગુ કરી, સંગ્રહ કરી, પરિવહન કરીને TSDF માં નિકાલ કરવા માટે
૪	પીગીંગ વેસ્ટ	Class – E2; Schedule III	૧૦૦ કિ.ગ્રા./માસ	ભેગુ કરી, સંગ્રહ કરી, પરિવહન કરીને TSDF માં નિકાલ કરવા માટે

પર્યાવરણનું વર્ણનઃ

૨૦૧૨ ની ઉનાળાની ઋતુમાં પાયાભૂત પર્યાવરણીય અભ્યાસ કરવામાં આવ્યો.

અભ્યાસનો સમયઃ

અભ્યાસનો સમય ૨૦૧૨ ની ઉનાળાની ઋતુ (એપ્રિલ મધ્ય–જૂન) ની છે.

અભ્યાસનો વિસ્તારઃ

સૂચિત યોજનાની આસપાસના ૧૦ કિ.મી. ત્રિજયાનો વિસ્તાર અભ્યાસીય વિસ્તાર ગણાય.

અભ્યાસ ક્ષેત્રની ભૂ વપરાશ :

હાલમાં ગુગલ અર્થ–પ્રો ઉપરથી, ઉપગ્રહ પ્રતિમા આ અભ્યાસ માટે લીધી છે. જુદા જુદા ભૂ વપરાશની ઓળખ માટે આ પ્રતિમાનું અર્થઘટન કરવામાં આવ્યુ, અને સ્થળ ઉપર પ્રત્યક્ષ જઈને સરખાવવામાં આવ્યું. ભૂ વપરાશ વિસ્તૃતપણે નીચેના ભાગોમાં વહેંચી શકાય જેવાકે વસાહતો, જલાશયો, ઔદ્યોગિક ક્ષેત્ર, ઝાડવા વગરની જમીન, ઝાડવા સાથેની જમીન, અને રેતાળ જમીન તેમજ ખેતીવાડી માટેની જમીન, મેનગ્રુવ, નદીનો વિસ્તાર, દરિયો અને મીઠાના અગરો. જમીનનો મુખ્યત્વે ભાગ મડ સપાટીય જમીન(૩૯.૮૫%), મીઠાના અગર(૧૭.૬૭%) અને દરીયો(૧૨.૩૩%) છે.

હવામાન :

- સાઈટ પરની હવામાનની માહિતી સૂચવે છે કે અભ્યાસના સમય દરમિયાન સરેરાશ પવનની ગતી ૪.૯ મી./સે. અને મુખ્યત્વે સાંજના ગાળામાં પવનની ઝડપ ૭.૪ મી./સે. ની ત્વરાથી ફૂંકાયછે.
- તે જોઈ શકાય છે કે પવનની પ્રમુખ દિશા નૈઋત્ય છે. સ્થિર પવન ૩.૦૨% છે.
- અભ્યાસના સમયમાં કરેલ પાયાભૂત પર્યાવરણીય મોનીટરીંગમાં મીન એવરેજ તાપમાન ૩૨.૫ ^{0}C તથા મીન મહત્તમ અને મીન લઘુત્તમ તાપમાન ૩૮ ^{0}C હોય છે અને ૨૭.૫ ^{0}C નોંધવામાં આવેલ.

વહિવટીય સારાંશ

- મીન એવરેજ ભેજ ૫૬% તથા મીન મહત્તમ અને મીન લઘુત્તમ ભેજ ૭૪.૮% અને ૩૮.૮% નોંધવામાં આવેલ.

ખુલી હવાની ગુણવત્તા :

ખુલી હવાની ગુણવત્તાનું નિરીક્ષણ ૨૦૧૨ ના ઉનાળાની ઋતુમા કરવામાં આવ્યું. પરીમાણોને CPCB એ સુચવેલ માપદંડ સાથે સરખાવવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

AAQM સ્ટેશન	સ્થળની માહિતી	પ્રોજેક્ટ સાઈટની મધ્યમાંથી કિ.મી.માં અંતર	દિશા	સરેરાશ પરીણામ µg/m³, સિવાય VOCs એ mg/m³ માં						
				PM_{10} (૧૦૦)	$PM_{2.5}$ (૧૦)	SO_2 (૮૦)	NO_x (૮૦)	THC (NS)	CO (૨૦૦૦)	VOC (NS)
A 1	સૂચિત સ્થળ પર	-	-	૬૫	૧૮	૮.૨	૧૦.૯	૧૦૦૮	<૧૧૪૫	<૦.૨૫
A 2	પંપ હાઉસ પાસે	૧.૮૦	વાયવ્ય	૫૮	૨૦	૮.૨	૧૦.૯	૯૯૪	<૧૧૪૫	<૦.૨૫
A 3	મીઠાના અગરની ઓફિસ પાસે	૦.૫૨	વાયવ્ય–ઉત્તર	૫૫	૨૦	૮.૧	૧૦.૭	૧૦૧૧	<૧૧૪૫	<૦.૨૫
A 4	મસ્જીદ પાસે	૦.૮૩	ઈશાન	૬૮	૨૪	૮.૧	૧૧.૨	૧૦૧૪	<૧૧૪૫	<૦.૨૫
A 5	કંડલા પોર્ટ કોલોની (વસાહત)	૧.૫૫	દક્ષિણ–અગ્નિ	૭૭	૨૮	૮.૬	૧૧.૬	૧૦૫૭	<૧૧૪૫	<૦.૨૫

ધ્વનિ:

અભ્યાસીય વિસ્તારના ચાર જુદા જુદા સ્થળોએથી ધ્વનિમાપન કરવામાં આવ્યું છે. ખુલ્લી જગ્યાએ ધ્વનિનું પ્રમાણ GPCB ની દિશા નિર્દેશ પ્રમાણે છે. સૂચિત ઈન્સ્ટોલેશનની પ્રક્રિયાથી ધ્વનિનું પ્રમાણ વધશે નહી. છતા પણ સ્થાનિક સ્થાપિત કરાયેલ મશીનરીથી ઉત્પન્ન થતા ધ્વનિનું અભ્યાસ મશીન સ્થાપિત કર્યા પછી થવો જોઈએ.

સ્ટેશન કોડ	ધ્વનિના પરીક્ષણનું સ્થળ	પરીક્ષણની તારીખ	એરીયા/ઝોન ની કેટેગરી	CPCB લિમીટ dB (A)		સરેરાશ ધ્વનિનું પ્રમાણ dB (A)		રીમાર્કસ
				દિન	રાત્રિ	Leq (દિન)	Leq (રાત્રિ)	
NL 1	સૂચિત સ્થળ પર	૨૭/૦૬/૧૨	ઔદ્યોગિક	૭૫	૭૦	૭૨.૬	૬૩.૫	-
NL 2	પોર્ટ કોલોની પાસે	૨૮/૦૬/૧૨	રહેણાંક	૫૫	૪૫	૫૪.૩	૪૮.૮	આ વિસ્તાર KPT થી નજીક છે. અહી રાત્રિના અવાજનું પ્રમાણ વાહનોની અવર–જવરના કારણે વધુ છે.
NL 3	મીઠાના અગર પાસે	૨૮/૦૬/૧૨	ઔદ્યોગિક	૭૫	૭૦	૫૩.૫	૪૫.૧	-

વહિવટીય સારાંશ

સ્ટેશન કોડ	ધ્વનિના પરીક્ષણનું સ્થળ	પરીક્ષણની તારીખ	એરીયા/ઝોન ની કેટેગરી	CPCB લિમીટ dB (A)		સરેરાશ ધ્વનિનું પ્રમાણ dB (A)		રીમાર્કસ
				દિન	રાત્રિ	Leq (દિન)	Leq (રાત્રિ)	
NL 4	મસ્જીદ પાસે	૨૮/૦૬/૧૨	ઔદ્યોગિક	૭૫	૭૦	૫૬.૪	૪૫.૮	-

સ્ત્રોતઃ KEC ધ્વારા પૃથ્થકરણ કરતાં.

ભૂજલ ગુણવત્તા :

અભ્યાસ ક્ષેત્રના જુદા જુદા સ્થળોથી ભૂજલના નમુનાઓ ભેગા કર્યા હતા. જેનું IS : 10500 અનુસાર વિશ્લેષણ કરવામાં આવ્યું.

કોડ	સ્થળ	સ્ત્રોત	પ્રોજેક્ટ સાઈટની મધ્યથી કિ.મી.માં અંતર	દિશા	નમૂનાની તારીખ	પરિમાણો સ્વીકાર્ય મર્યાદા કરતા વધુ
GW 1	સૂચિત સ્થળ પર					ઈલેક્ટ્રીક કંડકટીવિટી, કલોરાઈડ, સલ્ફેટ, ટોટલ હાર્ડનેશ, કેલ્શિયમ, મેગ્નેશિયમ અને આયર્ન
GW 2	મીઠાના અગરની ઓફિસ ASAP નજીક	બોરવેલ	૦.૫૩	વાયવ્ય	૧૯/૦૫/૨૦૧૨	ઈલેક્ટ્રીક કંડકટીવિટી, કલોરાઈડ, સલ્ફેટ, ટોટલ હાર્ડનેશ, કેલ્શિયમ અને મેગ્નેશિયમ
GW 3	ASAP નજીક પંપ હાઉસ	બોરવેલ	૧.૬૨	વાયવ્ય–ઉત્તર	૧૯/૦૫/૨૦૧૨	ઈલેક્ટ્રીક કંડકટીવિટી, કલોરાઈડ, સલ્ફેટ, ટોટલ હાર્ડનેશ, કેલ્શિયમ અને મેગ્નેશિયમ
GW 4	મસ્જીદ નજીક	ટયુબવેલ	૧.૧૯	ઈશાન	૦૧/૦૬/૨૦૧૨	ઈલેક્ટ્રીક કંડકટીવિટી, કલોરાઈડ, સલ્ફેટ, ટોટલ હાર્ડનેશ, કેલ્શિયમ, મેગ્નેશિયમ અને આયર્ન
GW 5	IFFCO સાઈટ	ટયુબવેલ	૦.૨૭	પુર્વ	૦૧/૦૬/૨૦૧૨	ઈલેક્ટ્રીક કંડકટીવિટી, કલોરાઈડ, સલ્ફેટ, ટોટલ હાર્ડનેશ, કેલ્શિયમ, મેગ્નેશિયમ અને આયર્ન

ભૂસ્તર જલ ગુણવત્તાઃ

અભ્યાસીય વિસ્તારમાંથી ભુસ્તર જલના નમુના જુદા જુદા જગ્યાએથી લેવામાં આવ્યા અને CPCB એ સૂચવેલ દરિયાઈ પાણીના પરીમાણો પ્રમાણે પૃથ્થકરણ કરેલ છે.

કોડ	સ્થળ	પરીક્ષણની તારીખ	સૂચિત યોજનાથી કિ.મી.માં અંતર	દિશા	CPCB ની માર્ગદર્શિકા પ્રમાણે દરીયાઈ પાણીનો વર્ગ
SW 1	મસ્જીદ નજીકની ખાડી	૦૧/૦૬/૨૦૧૨	૧.૮૯	ઈશાન	SW- I (Salt)

વહિવટીય સારાંશ

કોડ	સ્થળ	પરીક્ષણની તારીખ	સૂચિત યોજનાથી કિ.મી.માં અંતર	દિશા	CPCB ની માર્ગદર્શિકા પ્રમાણે દરીયાઈ પાણીનો વર્ગ
SW 2	પોર્ટ કોલોની નજીકની ખાડી	૦૧/૦૬/૨૦૧૨	૧.૨૬	અગ્નિ	SW- I (Salt)

માટી :

અભ્યાસીય વિસ્તારના ૫ જુદા જુદા સ્થળોથી માટીના નમૂનાઓ ભેગા કર્યા. જે નીચે મુજબ છે.

કોડ	સ્થળ	સૂચિત યોજનાથી કિ.મી.માં અંતર	દિશા	પરીક્ષણની તારીખ	રીમાર્કસ
S 1	સૂચિત સ્થળ પર	૦.૦	-	૦૧/૦૬/૨૦૧૨	મીઠાના અગરની ઓફીસ પાસેની માટીમાં મીઠાનું પ્રમાણ ઘણુ હોવાથી તે પાણીમાં ઓગળી જતી હોવાથી પરીમાણો જેવા કે વોટર હોલ્ડીંગ, પરમીએબિલીટી, પાર્ટીકલ સાઈઝ, કેટાયન એક્ષચેન્જ કેપેસીટી અને ટેક્ષચર થઈ શકયા નથી.
S 2	મીઠાના અગરની ઓફિસ નજીક	૦.૭૩	વાયવ્ય	૧૯/૦૫/૨૦૧૨	
S 3	પંપ હાઉસ નજીક	૧.૭૯	વાયવ્ય	૧૯/૦૫/૨૦૧૨	
S 4	મસ્જીદ નજીક	૧.૬૪	ઈશાન	૦૧/૦૬/૨૦૧૨	
S 5	પોર્ટ રોડ ક્રોસીંગ પાસે	૧.૮૦	નૈઋત્ય	૦૧/૦૬/૨૦૧૨	

ટ્રાફિક સર્વે:

સાઈટનું અવલોકન કરતા સૂચિત ઈન્સ્ટોલેશન ધ્વારા પાસેના રોડ પર માત્ર ૧૦% જેટલો ટ્રાફિક જ વધશે અને સૂચિત ઈન્સ્ટોલેશન ધ્વારા નજીકના ઝીરો પોઈન્ટ રોડ પર ટ્રાફિકમાં વધારો નહિવત થશે. પીયુસી કેરીંગ કેપેસીટી બે–લેનની એક સાઈડ (ટુ–લેન વન–વે) માટે ૯૦૦ પીયુસી છે. સૂચિત ઈન્સ્ટોલેશન ધ્વારા ૧૦% જેટલો ટ્રાફિક વધશે જે ૯૦૦ પીયુસી ની સ્વીકાર્ય મર્યાદામાં જ રહેશે.

વનસ્પતિ અને પ્રાણીમાત્ર :

આ માહિતી ફલોરલ જાતી યાદી દ્રશ્ય નિરીક્ષણ પર આધારિત સાઈટ મુલાકાત દરમ્યાન તૈયાર કરવામાં આવેલ અને સાઈટ સાહિત્ય અને ગૌણ માહિતી વિવિધ સરકારી કચેરીઓ સાથે ઉપલબ્ધ સમીક્ષા મારફતે પ્રદેશ દુર્લભ અથવા વિનાશના આરે આવેલ જાતિઓ ઓળખવામાં આવે છે.

વનસ્પતીની કુલ ૩૪ પ્રજાતિઓ જોવામાં આવી જેમાં ૨૨ પ્રજાતિના વૃક્ષ અને ઝાંડવા, ૪ પ્રજાતિના વેલાઓ, ૬ પ્રજાતિના ઘાસ અને ૨ પ્રજાતિ મેન્ગ્રૂવ જોવામાં આવ્યા.

અભ્યાસીય વિસ્તારમાં કુલ ૩ સસ્તન પ્રજાતિ , ૩ પ્રજાતિના સરીસૃપ, ૫૯ પ્રજાતિના પક્ષીઓ જોવામાં આવ્યા. કોમન પીફોલ (સિડયુલ–૧) પ્રજાતિનું પક્ષી અભ્યાસીય વિસ્તારમાં જણાયું. કંડલામાં કુલ માછલીઓનું ઉત્પાદન વર્ષ ૨૦૧૦–૧૧ માં ૩૮૧૧૮૫૬ છે.

વહિવટીય સારાંશ

પર્યાવરણ પર થતાં અસરની ઓળખ, ભાવિકથન અને પગલાં :

ખુલી હવા :

અસરની ઓળખ:

યોજનાના બાંધકામના તબકકા દરમિયાન મુખ્ય પ્રવૃતિઓ જેવીકે જમીનનું ખોદકામ, બાંધકામના માલસામાનની અવર જવર અને ઈમારતના બાંધકામ વગેરેની રહેશે. આ બધી પ્રવૃતિઓથી સામાન્ય રીતે ધૂળ અને ઝીણા રજકણોનું પ્રમાણ ખુલ્લી હવામાં વધશે.

યોજનાના ઓપરેશન તબકકામાં બોઈલરની ચિમની અને ૧૫૦ kVA ના ડી.જી. સેટના ઓપરેશન થી ખુલ્લી હવામાં અસર થશે.

૨૪ કલાકનું મહત્તમ GLC ૨.૫ માયક્રોગ્રામ પ્રતિ મી^{૩}, ૨ માયક્રોગ્રામ પ્રતિ મી^{૩} અને ૦.૧ માયક્રોગ્રામ પ્રતિ મી^{૩} અનુક્રમે SO_2, NO_X અને પાર્ટિકયુલેટ મેટર માટે સ્ત્રોતથી ૧૦૦ મીટરના અંતરે ઈશાન દિશામાં જોવામાં આવ્યું.

શમનના પગલાં:

- વાહનો અને બાંધકામના મશીનોનું સામયિક તપાસ કરી સ્ત્રાવના ધોરણોનું પાલન કરવું.
- હરિતપટ્ટા ધ્વારા રીસેપ્ટરનું રક્ષણ.
- હવાના પ્રદુષણનું નિયમીત નિરીક્ષણ.

અવાજ:

અસરની ઓળખ:

સૂચિત યોજનાથી ઉત્પન્ન થનાર અવાજના સ્ત્રાવને કારણે આજુબાજુના સમુદાયમાં અવાજ અને તેને લગતા વિક્ષેપો વધે છે.

નીચે મુજબની પ્રવૃતિઓથી અવાજની માત્રા વધી શકે છે.

- પંપ, બોઈલર અને બ્લોવર ચાલવાથી અવાજ.
- વાહનોની અવર જવર થી અવાજ.
- ડિ.જી.સેટનો અવાજ.

શમનના પગલાં:

- પંપ/બ્લોવર માટે યોગ્ય મફલર સીસ્ટમ/એકોસ્ટીક એન્કલોઝર.

વહિવટીય સારાંશ

- પંપ અને બ્લોવરને રબરના પેડ પર સ્થાપિત કરવા જોઈએ કે બીજા કોઈપણ અવાજ શોષક મટીરીયલ પર.
- ઘણી પ્રવૃતિઓને માપમાં કરી.
- સાધનોને એવા અભિગમથી સ્થાપિત કરો કે જેથી અવાજ સીધો જ સંવેદનશીલ રીસેપ્ટર્સ થી દુર જાય.
- સાધનોની સામયીક તપાસ/જરૂર હોય તો બદલી/ ફરતા ભાગોમાં લ્યુબરીકેશન કરવું વિગેરે.
- રક્ષણાત્મક ઉપકરણનો ઉપયોગ કરીને.
- હરિતપટ્ટાના વિકાસથી અવાજનું પ્રમાણ ઘટાડી શકાય, વિગેરે.

પાણી :

અસરની ઓળખ:

તાજા પાણીની કુલ ટોચની જરૂરીયાત સૂચિત યોજના માટે ૪૧.૬ કિ.લી./દિન ની છે અને તે ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમીટેડ પાસેથી લેવાશે.

દૂષિતપાણીનું ટોચનું ઉત્પાદન ૫.૯ કિ.લી./દિન અને દૂષિતપાણીનું સરેરાશ ઉત્પાદન ૪.૬ કિ.લી./દિન હશે તે ઓઈલ અને પાણીના સેપરેટર માંથી પસાર કરીને સારવાર પામેલું પાણી જમીન પર સિંચાઈ માટે ઉપયોગમાં લેવાશે તેથી પાણીના સ્ત્રોતને કોઈપણ પ્રતિકુળ અસર થશે નહી. ૨.૫ કિ.લી./દિન જેટલું દુષિત ડોમેસ્ટીક પાણી ઉત્પન્ન થશે અને તેનો નિકાલ ખાડકુવા મારફતે થશે.

સારવાર પામ્યા વગરના પાણીનો નિકાલ જમીન પર થતો ન હોવાથી ભુગર્ભીય જળને સૂચિત યોજનાથી અસર થશે નહી.

શમનના પગલાં:

- દુષિત પાણીને ટ્રિટ કર્યા બાદ જે જમીનની સિંચાઈ માટે વાપરવામાં આવશે.
- દ્રાવણના સ્થળાંતરને રોકવા સંગ્રહ સ્થાન અને હેન્ડલીંગ વિસ્તાર કે જેમાં દુષિતપાણીના શુધ્ધિકરણનો વિસ્તારને પણ અછિદ્રિત બનાવવામાં આવશે.
- સારવાર વગરના દુષિતપાણીનો નિકાલ જમીન પર થશે નહી.
- ભુગર્ભીય જળ નું નિરીક્ષણ.
- દુષિત પાણીનો જમીન અથવા પાણીમાં સ્ત્રાવ કરવાનો નિષેધ કરવો.
- ઓઈલ(તેલના) કચરાનો ઓઈલ અને પાણી અથવા કસીમર ધ્વારા ભેગુ કરવું.

વહિવટીય સારાંશ

માટીઃ

અસરની ઓળખઃ

માટીની ગુણવત્તા રસાયણ(કેમીકલ) ના સંગ્રહ, લિકેજ(ઝમણ) અને સ્પીલેજ (ફેલાવા) થી થઈ શકે છે. હાનીકારક કચરાના અવ્યવસ્થિત સંગ્રહના કારણે પણ માટીમાં દુષણ થઈ શકે છે.

શમનના પગલાંઃ

- જમીનના આવરણનું વિન્ડસ્ક્રીન્સ, માવજત અને સ્થાપન કરવાથી.
- ગટરના ખાડાઓનું સ્થાપન.
- સપાટીમાં ઓછામાં આછો વિક્ષેપ અને નસ્તર કરવાથી.
- બાંધકામના મશીનોના ઉપયોગનું વ્યવસ્થિત દેખભાળ અને નિયંત્રિત ઉપયોગ.
- ખોદકામ દરમિયાન નિકળેલી જમીનની સામગ્રીનો ફરી ઉપયોગ થાય તેની પધ્ધતિ.
- ઘન કચરાનું વ્યવસ્થિત સંગ્રહ અને નિકાલની યોજના.
- નકામી વસ્તુઓને સાઈટ પર બાળવા પર પ્રતિબંધ વિગેરે.

વનસંપાદન અને પ્રાણીમાત્રઃ

અસરની ઓળખઃ

બાંધકામ દરમિયાન નજીકના જળાશયમાં રહેતા પક્ષીઓને અવાજ અને ધ્રુજારીથી નહિવત વિક્ષેપ થાય. રસાયણનું જેટી થી પાઈપલાઈન વચ્ચેના ટ્રાન્સપોર્ટેશન(આવન જાવન) દરમિયાન રસાયણ(કેમીકલ) લિક થવાની શકયતા હોવાથી દરિયા કાંઠાથી થોડે દૂર દરિયાઈ વાતાવરણ જેવાકે ફાયટોપ્લેન્કટોન, ઝુપ્લેન્કટોન, બેન્થોસ અને માછલીઓ ને નુકશાન થઈ શકે છે.

દરિયા કાંઠા પર રસાયણની અવર જવર અને પાઈપલાઈનમાં લિકેજના કારણે આજુબાજુના વિસ્તારના સરિસૃપ અને પાર્થિવ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિને નુકશાન થઈ શકે છે.

શમનના પગલાંઃ

- સૂચિત પ્રવાહી સંગ્રહ (લિકવીડ સ્ટોરેજ) વિસ્તાર મીઠાના અગરનો હતો તેથી ત્યાં વનસ્પતિની સફાઈ કરવાની જરૂરીયાત રહેતી નથી.
- બાંધકામ પૂરુ થયા બાદ હરિતપટાનો વિકાસ કરવામાં આવશે.
- અભ્યાસીય વિસ્તારમાં ઈકોલોજીકલી મહત્વપુર્ણ વિસ્તાર(જેવાકે રાષ્ટ્રીય ઉદ્યાન, અભ્યારણ્ય) આવેલ ન હોવાથી આ વિસ્તારમાં અસરો થશે નહી.

વહિવટીય સારાંશ

- આવનજાવન માટે વપરાતી ટ્રક લિકપ્રુફ હોવી જોઈએ અને દરિયા કાંઠેથી કે દરિયા કાંઠેથી થોડા અંતરેથી સામાનની વહન કરતા ડ્રાઈવર (વાહનચાલક) સામાનના આવનજાવન કરાવવાના સલામતીના નિયમોથી વાકેફ અને તાલીમ પામેલ હોવા જોઈએ જેથી ટેન્કરનું જેટી પર ઢોળવવું અને લિક થવાની શકયતાઓ ઘટે.
- ખતરનાક વાતાવરણમાં પક્ષીઓનું રહેણાંક અને માળાને થતા અટકાવવા જોઈએ.
- સંવેદનશીલ વિસ્તારની જાણકારી કામદારોમાં વધારવી વિગેરે.

સામાજીક–આર્થિક પર્યાવરણ:

અસરની ઓળખ:

સૂચિત યોજનાના વિસ્તારથી રહેણાંક અને પરીવાર દૂર આવેલ છે. ગામો સૂચિત યોજનાથી ૭–૧૦ કિ.મીના અંતરે આવેલ છે તેથી લોકો પર અસર વધુ નહી થાય. સ્ટોરેજ ટર્મીનલના ખોદકામ, ઈન્સ્ટોલેશન અને બાંધકામથી સ્થાનિક લોકોને સીધી અને પરોક્ષ રીતે નોકરીની તકો ઉભી થશે. ઘણાબધા અસરગ્રસ્ત કુશળ અને અકુશળ કામદારોને પણ સીધી અને પરોક્ષ રીતે કામ મેળવીને પોતાની જીવનશૈલી સુધારવાની તકો સાપડે. વધારાની સગવડો જેવી કે તબીબી, ભણતર અને આધાર માળખાનો વિકાસ થશે. આવન જાવનની ફ્રિકવન્સી વધવાથી અભ્યાસીય વિસ્તારના લોકોને સીધી અને પરોક્ષ રીતે ફાયદો થશે.

શમનના પગલાં:

- યોજનાના માલિકે અસરગ્રસ્ત વિસ્તારમાં ભણતરની સુવિધાઓ સુધારવી જોઈએ અને શાળાઓને રાચરચીલું (ફર્નીચર) અને સારી ટેકનોલોજીની મદદ કરીને સારા ભણતરની જોગવાઈ કરી શકે.
- સ્થાનિક લોકોને રોજગારી આપી શકાય.

બાંધકામના કાર્યકાળ દરમિયાન આશરે ૫૦–૧૦૦ નોકરી થોડા મહિનાઓ માટે અને આશરે ૩૦ જેટલી નોકરી ઓપરેશન ફેસ દરમિયાન આપવામા ંઆવશે. બીજી નોકરીઓ પરોક્ષ રીતે ઉત્પન્ન થશે. જેનાથી સામાજીક–આર્થિક પર્યાવરણ પર નોંધપાત્ર ફાયદા થશે.

વધારાના અભ્યાસ:

ડેમોગ્રાફી અને સામાજીક આર્થિક અસર:

પ્રાથમિક સેન્સસ એબ્સ્ટ્રેકટ ૨૦૦૧ પ્રમાણે અભ્યાસીય વિસ્તારનું વિશ્લેષણ કરતા જણાય છે કે અભ્યાસ વિસ્તારના કુલ ૨ ગોમોની વસ્તી ૪૩૫૯૦ અને ૮૭૫૦ છે.

અભ્યાસીય વિસ્તારમાં આવેલ કુલ વસ્તીના આશરે ૧૦.૫% અનુસૂચિત જાતિના તથા ૮.૫% અનુસૂચિત જનજાતિના લોકો રહે છે. અભ્યાસીય વિસ્તારના ગામડાઓમાં સારી માળખાકીય સગવડો છે.

વહિવટીય સારાંશ

જોખમનું મુલ્યાંકન અને પરિણામ આકારણી:

એસીટોન, બેન્ઝીન, ઈથીલિન, ડાય–કલોરાઈડ, ઈથાઈલ આલ્કોહોલ, હેકઝેન, બ્યુટેનોલ, મીથેનોલ, ટોલ્યુઈન, પી–ઝાઈલીન, સાયકલો–હેકઝેન, નોનેન, FO એસીટોન માટે ૨ મી.મી., ૧૦ મી.મી. અને કેટાસ્ટ્રોફીક રાચર(આપતિજનક) ભંગાણ જેવી શકયતાવાળી હોનારત સૂચિત યોજનાના સ્ટોરેજ ટેન્ક માટે કરેલ છે. DNV ટેકનીકા સોફટવેર ધ્વારા શકયતા વાળી હોનારતોનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

હોનારત વ્યવસ્થા યોજના (DMP)

હોનારત વ્યવસ્થા યોજનાનો હેતુ માનવી જીવન અને સંપતીની હાની બને તેટલી ઓછી કરવાનો છે. DMP નો પ્રથમ ઉદેશ માનવી જીવન બચાવવાનો અને પછી સંપતીનું નુકશાન ઓછું કરવાનો છે. DMP માં જુદા જુદા અધિકારીઓની હોનારત વખતેની ભૂમિકા અને જવાબદારીઓની વિગત આપેલ છે.

ખાસ કરીને DMP માં નીચેના મુદદાઓ હોય છે

- MCLS અને તેના પરિણામ ક્ષેત્રોની માહિતી.
- આપાત્કાલીન સ્થિતીને રોકવા માટે તપાસ અને નિરીક્ષણની જરૂરીયાત.
- ઘટનાઓ પર નિયંત્રણ રાખીને આવતા આપત્કાલીન સ્થિતીને રોકવાની યોજના.
- અંતર્ગત આપત્કાલીન અહેવાલ આપવો અને સંદેશા વ્યવહાર.
- સ્થળથી દૂર યોજનાના ઘટકો.
- નિયામક જરૂરીયાતો

DMP યોજનાનું કામ ચાલુ થતા પહેલા ખરેખર ઓપરેશનમાં આવે તેવી સલાહ આપવામાં આવે છે. નિયત સમયાંતરે મોક ડ્રિલ કરવામાં આવશે, જેનાથી DMP ની પરીણામ કારકતા જાણી શકાય.

યોજના ના લાભ

આ યોજના ગુજરાત સરકારની જમીન પર થવાની છે. અહીથી લોકોને ખસાડવાની જરૂરીયાત રહેતી નથી.

- સામાજીક–આર્થિકતામાં નોંધપાત્ર ફાયદાઓ.
- બાંધકામ અને ઓપરેશન ફેસમાં યોજનાની આજુબાજુના વિસ્તારમાંથી લાયકાત મુજબ સ્થાનિક માનવશકિત પ્રાપ્ત થવાની શકયતા.
- બાંધકામ અને ઓપરેશન ફેસ દરમિયાન સ્થાનિક લોકોને રોજગારીની તકો.
- આ યોજનાના કારણે આધારરૂપ વ્યવસ્થામાં સુધારણા.
- લોકોને સ્થળાંતરની જરૂરીયાત નથી.

વહિવટીય સારાંશ

પર્યાવરણ વ્યવસ્થાપન યોજના (EMP)

સંભાવ્ય આડ અસર માટે, ઠેકેદારને સૂચન માટે અને સારી રીતે કામ કરવાની તાલિમ માટે પ્રકલ્પ દરમ્યાન EMP ની જરૂર હોય છે. કામના દરેક તબકકા માટે અસર ઓછી કરવા માટે લેવાના પગલા EMP માં હોય છે. તેમજ EIA માં મુખ્ય બાયોફિઝીકલ અને સામાજીક–આર્થિક અસર માટેના પગલા હોય છે, જે નીચે પ્રમાણે છે

- આહિર સોલ્ટ અને એલાઈડ (ASAP) એલાવાની જવાબદારી.
- અસર ઓછી કરવા માટેના બધાજ પગલા ASAP લેશે.
- પરિમાણોનું જે માપન થશે એના ઉપર પરિણામકારક પગલા.
- અસર ઓછી કરવા માટેના સંપુર્ણ પગલાનું સમયસર પાલન.

<u>પર્યાવરણની બાબતો પર થનારો ખર્ચ :</u>

યોજનાનો કુલ અંદાજીત ખર્ચ ભારતીય રૂપિયામાં ૯૮૯૪.૨૬ લાખનો છે. અંદાજીત પર્યાવરણીય કેપીટલ કોસ્ટ ભારતીય રૂપિયામાં ૫૦.૧ લાખ અને રીકરીંગ કોસ્ટ ૬.૩૯ લાખ/વર્ષ રહેશે.

<u>પર્યાવરણીય જાળવણી:</u>

સૂચિત યોજના બનાવતી વખતે પર્યાવરણ અને સ્થાનીક સમુદાયને થતુ નુકશાન ઓછામાં ઓછું કરવા માટે બધા વ્યવહારુ અને ઈષ્ટ ઉપાયો યોજાશે. જો કોઈ શેષ અસરો બાકી રહેશે તો તેના ઉપશમન માટેના ઉપાયો, જે ઈ.આઈ.એ. પ્રકરણ ૫ માં આપેલા છે તે યોજવામાં આવશે.

મુખ્ય ઉપશમન ઉપાયો આ પ્રમાણે છે.

- દુષિત પાણીના શુધ્ધિકરણ માટે ઈફલુઅન્ટ ટ્રિટમેન્ટ પ્લાન્ટ ચલાવાશે.
- ઘન અને જોખમી કચરાનો અધિકૃત TSDF માં નિકાલ.
- પંપ અને બ્લોવર, ડી.જી.સેટ અને બીજા મશીનોને એકોસ્ટીક એન્કલોઝર.
- બોઈલ અને ડી.જી.સેટમાંથી હવામાં થતો સ્ત્રાવ NAAQS 2009 અનુસાર નિયંત્રીત કરાશે.

<u>પર્યાવરણીય મોનીટરીંગ:</u>

ઉચ્ચ કક્ષાની પર્યાવરણીય કામગીરી ખાતરી બાંધકામ અને ઓપરેશન ફેસમાં કરવા માટે નીચે પ્રમાણેનું મોનીટરીંગ નિયમીત રીતે કરાશે.

વહિવટીય સારાંશ

- યોજના ધ્વારા ઉત્પન્ન થતુ દૂષિતપાણી ટ્રિટ(સારવાર) કર્યા બાદ પાણી જમીન સિંચાઈ માટે વાપરવામાં આવશે.
- પ્રદુષણ નિયંત્રણ પગલાંની અસરકારતાનું મોનીટરીંગ.
- યોજના બન્યા પછીના નમૂના અને ઈ.આઈ.એ. રીપોર્ટ બનાવતા દરમિયાન ઉત્પન્ન થયેલ બેઝલાઈનની માહિતી.

મુખ્ય ભલામણો:

વ્યાવસાયીક નિર્ણય અને રાષ્ટ્રીય ધોરણોનો ઉપયોગ કરી નીચે મુજબની ભલામણોનો ઉપયોગ કરવામાં આવશે.

- જનરલ સેફટી પ્રેકટીસ.
- મટીરીયલ હેન્ડલીંગ
- પ્રોસેસ અને સાધનસામગ્રી સલામતી
- વ્યકિતગત સુરક્ષા
- ઈમરજન્સી અથવા અગ્નીશમન સાધનોની જાળવણી.
- કટોકટી વ્યવસ્થાપન જેવાકે કટોકટી નિવારણ, કટોકટી પ્રતિભાવ યોજના, ઈમરજન્સી રીસ્પોન્સ પ્લાન (સાઈટ પર અને સાઈટની બહાર), રસાયણના આકસ્મિક સ્પીલની યોજના અને ફાયર ફારટીંગના સાધનો અને પધ્ધતિઓની ચકાસણી.

તાત્પર્ય

આમ પર્યાવરણીય વ્યવસ્થાપન યોજના અને શમન પગલાંઓને અમલમાં મૂકતાં સકારાત્મક તારણ નિકળી શકે કે, યોજનાની બાંધકામ અને ઓપરેશન તબકકા દરમિયાન થતી પ્રવૃતિઓ નિયંત્રીત અને સંતુલિત રહેશે. આ યોજના આસપાસના વિસ્તાર તથા લોક સમુદાય માટે લાભદાયક રહેશે. વધુમાં આઈસોલેટેડ સ્ટોરેજ ટર્મીનલનું સંચાલન સંબંધિત નિયમો, કાયદા કોડ તથા ઓર્ડર અનુસાર નિયત રહેશે.